
ગોડાદરા પો.સ્ટે. વિસ્તારમા થયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ગણતરીના કલાકોમા ચોરીમા ગયેલ ૧૦૦ % મુદ્દામાલ સાથે
આરોપીને પકડી પાડતી, સુરત પોલીસ

ગોડાદરા પો.સ્ટે.નાં અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા જણાવેલ જે અન્વયે ગઇ તા.૦૯/૦૪/૨૦૨૩ ના કલાક ૦૮/૩૦ થી તા.૧૧/૦૪/૨૦૨૩ ના કલાક.૧૦/૦૦ વાગ્યા દરમ્યાન હરકોઇ વખતે ગોડાદરા અવધ રીતુરાજ ટેક્સટાઇટલ માર્કેટ દુકાન નં.૪૦૯૫ ગોડાદરા, સુરત ફરીયાદીની દુકાનમા કોઇ અજાણ્યો ચોર ઇસમ દુકાનના શટરનુ તાળુ ડુપ્લીકેટ ચાવી વડે ખોલી દુકાનમા વેચાણ કરવા સારુ રાખેલ ડ્રેશ મટરીયલમાથી અલગ અલગ કલરના કુલ્લે ૨૦૬ પીસ કિંમત રુપિયા ૭૧,૦૭૦/- ના મત્તાની ચોરીમા સંડોવાયેલ આરોપીઓ તથા ચોરીમા ગયેલ મુદામાલ શોધવા માટે સુચના કરતા સર્વેલન્સ સ્કવોડના પો.સ.ઇ. નાઓના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તાર ખાતે પોલીસ માણસોની અલગ અલગ ટીમ તૈયાર કરી ગુનાની જગ્યાના સી.સી.ટી.વી. કુટેજ તથા હ્યુમન સોર્સીસ આધારે તપાસ હાથ ધરતા બાતમી હકિકત મળેલ કે એક ઇસમે ચોરી કરેલ ડ્રેસ મટરીયલનો માલ વેંચવાની ફીરાકમા ગ્રાહક શોધે છે. જે ઇસમે શરીરે સફેદ કલરનો આખી બાંયનો શર્ટ તથા ગ્રે કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. જે થોડીવારમા કંઠી મહારાજ ચાર રસ્તા પાસે આવનાર છે.” જે બાતમી હકિકત આધારે આ કામના આરોપી તથા ચોરીમા ગયેલ ડ્રેસ મટીરીયલના અલગ અલગ કલરના કુલ્લે- ૨૦૬ ડ્રેશ મટીરીયલમા પીસ કુલ્લે રુપિયા ૭૧,૦૭૦/-નો મુદામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



<u>પકડાયેલ આરોપીનુ નામ :-</u>(૧)અમનસિંગ સત્યપ્રકાશસિંગ રાજપુત ઉ.વ. ૨૩ રહે. ઘર નં.બી/૧૭૩, માનસરોવર સોસાયટી, ગોડાદરા, સુરત શહેર. મુળ વતન ગામ-મરગુપુર તા-પટ્ટી જી-પ્રતાપગઢ (યુ.પી)

<u>કબ્જે કરેલ મુદ્દામાલ:-</u>ડ્રેશ મટીરીયલના પીસમાંથી અલગ અલગ કલરના કુલ્લે ૨૦૬ ડ્રેશ મટીરીયલ પીસ કુલ્લે રુપિયા ૭૧,૦૭૦/-નો મુદામાલ

<u>નોંધાયેલ ગુનાની વિગત :-</u> ગોડાદરા પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં.૧૧૨૧૦૦૬૪૨૩૦૭૨૦/૨૦૨૩ ઇ.પી.કો. કલમ.- ૪૫૪, ૪૫૭, ૩૮૦.